# રૂપાલ શ્રી વરદાયિની માતાજીના મંદિરના જીર્ણોદ્ધારનો શિલાન્યાસ

## ૩ કરોડના દાનની જાહેરાત : ૧૫ કરોડના ખર્ચે ભવ્યાતિભવ્ય મંદિરનું નિર્માણ થશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરથી ૧૩ કિ.મી. દૂર આવેલ અને રૂપાલની પલ્લી તરીકે પ્રસિદ્ધિ પામેલ શ્રી વરદાયિની માતાજીના મંદિરનો જીર્ણોદ્ધાર આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી નિતીનભાઈ પટેલ અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે કરવામાં આવ્યો હતો.

રૂ. ૧૫ કરોડના ખર્ચે નિર્માણ થનાર વરદાયિની માતાજીના ભવ્યાતિભવ્ય મંદિરનું બાંધકામ ટુંક સમયમાં હાથ ધરાશે. તેમ જણાવી આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, દર વર્ષે લાખો ભક્તો રૂપાલ ખાતે માતાજીના દર્શને આવે છે. મંદિરના જીર્ણોદ્ધાર પ્રસંગે હજારો ધર્મપ્રેમી જનતા દ્વારા માતબર દાનની રકમ આપી ધર્મ પ્રત્યેની ભાવના અને દિવ્યતા ઉજાગર કરી છે, તેવા દાતાઓ અને મંદિરના ટ્રસ્ટીઓને અભિનંદન આપી મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે ભવ્ય મંદિર બનશે, ત્યારે એક સાથે ૫૦૦થી વધુ લોકો માતાજીના દર્શન કરી શકશે.

રૂપાલના વતની બળદેવભાઈ જોઈતારામ પટેલે રૂપિયા ૧.૪૨ કરોડની રકમ દાનમાં આપી મુખ્યદાતા તરીકે પોતાના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, શ્રી વરદાયિની માતાજીએ મને જે ધન આપ્યું છે, તે જ માતાજીના ચરણોમાં અર્પણ કરૂ છું. રૂપાલ ખાતે આવતા લાખો દર્શનાર્થીઓની સુવિધામાં વધારો થાય અને લોકોમાં સદ્ભાવના સંવેદના પ્રસરે અને માતાજીના આશીર્વાદથી લોકો વધુ સુખી થાય તેવી તેમણે પ્રાર્થના કરી હતી.

આ પ્રસંગે વિવિધ દાતાઓ દ્વારા કુલ-૩ કરોડથી વધુ રકમનું દાન દાતાઓ દ્વારા આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્ર ત્રિવેદી, વાડીભાઈ પટેલ, પ્રદેશ ભાજપના મહામંત્રી કે.સી. પટેલ, શહેર ભાજપના પ્રમુખ નિતીનભાઈ પટેલ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

આ ધાર્મિક પ્રસંગે ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, ધારાસભ્ય શંભુજી ઠાકોર અને અશોકભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર રવિશંકર, ડે. મેયર કાર્તિકભાઈ પટેલ, સાંબરકાંઠા જિલ્લા ભાજપના પ્રભારી અશોકભાઈ ભાવસાર, કોદરભાઈ પટેલ (ખરીદ વેચાણ સંઘ), અશોકભાઈ પટેલ (વકીલ), મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, ગા.તા. પ્રમુખ કાળુસિંહ રાઠોડ તેમજ ઉપપ્રમુખ, ગાંધીનગર પ્રાંત અધિકારી રાકેશકુમાર વ્યાસ મંદિરના ટ્રસ્ટીઓ તથા વિશાળ સંખ્યામાં ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

સ્વાગત પ્રવચન મંદિરના વહીવટદાર અને ગાંધીનગર મામલતદાર ડી.જી. મોદીએ કર્યું હતું. શ્રી વરદાયિની માતાજીના મંદિરના જીર્ણોદ્ધાર માટે પ્રજાજનો દ્વારા સતત દાનની જાહેરાત કરીને ઉમળકાભેર દાન આપવામાં આવ્યું હતું.




### રૂપાલ ગામની આંગણવાડી કાર્યકર બહેનો વરદાયિની માતાજીના જીર્ણોદ્ધારના દાનમાં સહભાગી બની

શ્રી વરદાયિની માતાજીના મંદિરના જીર્ણોદ્ધારના શિલાન્યાસ પ્રસંગે હજારો ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. ભક્તજનો દ્વારા દાન કેન્દ્ર પર લાખો અને હજારોનું દાન કરવામાં આવતુ હતુ. તેની જાહેરાત મુખ્ય સ્ટેજ પરથી સતત કરવામાં આવતી હતી. સમગ્ર ભક્તિમય માહોલમાં અનેક ભક્તજનો પોતાની યથાશક્તિ દાન કરતા હતા. ત્યારે રૂપાલ ગામની આંગણવાડીની પાંચ કાર્યકારી બહેનો દ્વારા રૂપિયા ૧૧,૧૧૧નું દાન કરવામાં આવ્યું છે. તેની જાહેરાત થતાં જ મેદનીએ ભારે ઉત્સાહથી આ બેનોને વરદાયિની માતાજી પ્રત્યેની અપાર શ્રદ્ધાને તાલીઓથી વધાવી લીધી હતી.

## ગાંધીનગરમાં દલિત સમાજની સિદ્ધિ સંપન્ન પ્રતિભાઓનું સન્માન

ગાંધીનગર, તા. ૨૦

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઉપક્રમે ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ વર્ષની ઉજવણી નિમિત્તે લોકડાયરા કાર્યક્રમનું આયોજન તા. ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૬ને મંગળવારના રોજ ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરાના હસ્તે સાહિત્ય અને અન્ય ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર દલિત સમાજના વ્યક્તિઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ વર્ષની ઉજવણી પ્રસંગે જિલ્લામાં યોજાયેલ વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. લોકડાયરાને મંત્રી રમણભાઈ વોરા અને અન્ય મહાનુભાવોએ મનભરીને માળ્યો હતો.

આ લોકડાયરામાં સુપ્રસિદ્ધ લોક ગાયક કરશન સાગઠીયા, અરવિંદ બારોટ, ઉમેશ સાધુ, વર્ષા પંડ્યા, નરેશ ખંભાતી અને લોક સાહિત્યકાર પ્રભાત સોલંકી દ્વારા જમાવટ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નિવૃત્ત અધિકારી પી.બી. શ્રીમાળીએ કર્યું હતું.



આ લોકડાયારમાં દસાડાના ધારાસભ્ય પૂનમભાઈ મકવાણા, ધારાસભ્ય રમેશ મહેશ્વરી, ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, ગોપાલક વિકાસ નિગમના ચેરમેન અરજણભાઈ રબારી, અતિ પછાત જાતિ વિકાસ નિગમના ચેરમેન પ્રવિણભાઈ પંડ્યા, અનુસૂચિત જાતિ કલ્યાણના નિયામક શ્રી કે.ડી. કાપડિયા, સમાજ કલ્યાણ અધિકારી આર.બી. વસાવા, અનુસૂચિત જાતિ કલ્યાણના નાયબ નિયામક પી.પી. સાયેન્તર સહિત ગાંધીનગરના નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ખોરજમાં ૬૩ વર્ષીય વૃધ્ધનો આપઘાત

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક ખોરજ ગામની સીમમાં સ્થિત ગાલા હેવન બંગ્લોઝમાં રહેતા ૬૩ વર્ષીય કેતનભાઈ ભાનુભાઈ જોષીએ આજે વહેલી સવારે પોતાના ઘરના ઉપરના માળેથી છલાંગ લગાવી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. અડાલજ પોલીસને મૃતકના દિકરા તેજસે જાણ કરતા તે સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. જો કે પ્રાથમિક તપાસમાં વૃધ્ધ કેતનભાઈ માનસિક બિમારીથી પીડાતા હોવાથી તેમણે આપઘાત કર્યો હતો જો કે પોલીસે તે દિશામાં પણ તપાસ શરુ કરી છે.



ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન ગાંધીનગર દ્વારા કલોલ તાલુકાના આમજા ગામે નાળિયેરના રેસામાંથી વિવિધ સુશોભન વિવિધ ચીજવસ્તુઓ અને ગણેશજીની મૂર્તિઓ સહિત આકર્ષક વસ્તુઓ બનાવવાનો એક માસનો તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૨૦ જેટલી ગ્રામીણ મહિલાઓને તાલીમ આપી ઘેર બેઠા રોજગારી મેળવે તેવા ઉમદા હેતુથી આ તાલીમ વર્ગ યોજવામાં આવ્યો હતો. સંસ્થાના નિયામકશ્રી જે.બી. વાળાએ જણાવ્યું હતું કે ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દર વર્ષે ૬૫૦ જેટલા ગ્રામ્ય સ્તરે વિવિધ ૧૯ પ્રકારના તાલીમ કેમ્પો યોજીને ૨૦ હજાર જેટલા તાલીમાર્થીઓને ઘર આંગણે ૩૦ દિવસથી લઈ ૯૦ દિવસના તાલીમ કાર્યક્રમો યોજે છે. ગામડાઓમાં રોજગારી અને કૌશલ્ય નિર્માણની તાલીમ આપી સ્વરોજગારલક્ષી કાર્યક્રમો દ્વારાલોકો પગભર બને અને ગ્રામ વિકાસની પ્રક્રિયા વેગીલી બની છે.

## ખૂણે ખાંચરેથી...

- રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે યોજેલા પત્રકારોના ગેટ ટુ ગેધરમાં ગુજરાતી ભોજન પિરસવામાં આવ્યું હતું. તેમાં પણ બેકડ ખિચડી, કડી, થેપલાં, દેશી બટાકાનું શાક, ભરેલા ભીંડા, ગટાનું શાક, મકાઈના પાપડ, રોટલી, ડ્રાયફ્રુટ મીક્ષ હલવો જેવી વાનગીઓ હતી.
- આજે ઘ-૨ ખાતે કોંગ્રેસે યોજેલા ધરણાને સારો પ્રતિસાદ મળતાં કોંગ્રેસના નેતાઓ સ્થાનિક આગેવાનો પર વારી ગયા હતા.
- કલોલ ઠાકોર સમાજના અગ્રણી ગમાજી ઠાકોર અને તેમના સાથીઓએ પુનઃ કોંગ્રેસમાં પ્રવેશ કર્યો છે.
- ગાંધીનગર શહેરમાં ઠંડી તીવ્ર બની રહી છે તેમજ સવારે ધુમ્મસ અને ઝાકળ પણ જોવા મળે છે.
- ઠંડીના બીજા રાઉન્ડમાં પણ શાળાના સમયમાં ફેરફાર કરવા વાલીઓએ પુનઃ માગણી કરી છે.
- શરૂ થઈ રહેલ સ્પીકર્સ કોન્ફરન્સના બંદોબસ્તને લઈ પોલીસતંત્ર વ્યસ્ત બન્યુ છે તેમજ આ માટે પ્રવેશ માટે ગેટ નં. ૬ પણ કાર્યરત કરી દેવામાં આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે ગ્રામસભા અભિયાનનો પ્રથમ દિવસ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતાં અધિકારીઓએ રાહતનો શ્વાસ લીધો છે.

